૫૬૯૪

કલગી ગાયન સંગ્રહ.

રચનાર અદલ નસરવાન કલગીવાલા તે ઉસ્તાદ મુનશી કરીમ બક્ષ મુતખલ્લુસ "કમર કુમ" ના આખા હિંદના ખાસ ખલીફા.

પ્રગટ કરનાર એમ. એચ. મેહેરઅલી તે ફીડલ, એકારડીયન, કનસરટીના તથા હારમોનીયમ ચાવીબુક રચનાર.



ભાગ ૪ થો.

તરેહવાર સવાલ જવાબના નવા હીંદુસ્તાની તથા ગુજરાતી કલગીના ખ્યાલો.

કીમત ૬ આના.

મુંબઈ :—ભુલેશ્વર છાપખાનું. ઈ૦ સ૦ ૧૮૯૮.

શુદ્ધિ પત્રક.

પાનું.	લીટી	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૩	દહી	દેહી
૧	૯	ફુલસે	રૂઠસે
૫	૧૮	તુ જલદી દેજો પુગારી ગ-રદન	તું દેજો જલદી સીધારી ગરદન
૬		પુકારી ગરદન	પુકારી ગરદન
૬	૧૯	આપી એકાએક	આવી એકાએક
૬	૨૦	ગરદનથા તેની લગાડી ગરદન	કીધી ન મારી અકારી ગરદન
૧૦	૧૭	નારીજી	જારીજી
૧૧	૭	પારપરવેશ	ઘરપરવેશ
૧૨	૧૬	નુંરની	નુંરથી
૧૬	૧	વીન પુરૂં	વીન ગુરૂ
૧૬	૧૦	જામ કયા ગુરૂનું પીધ્	ગ્યાન અદલે ગાઢ દીધું
૨૦	૧૬	પાછી	પછી
૨૧	૨૨	નસીચત	નસીહત.
૨૩	૭	ક્રોધનીર્ણ	પરવરનાં
૨૪	૧૩	ધન બલીહા-	ધન બલહારી
૨૮	૧૧	તરેહની	રહે નીત
	૧૯	આંચણુ	આંચર
૨	૨૦	આંચણે	આંચરે

સુબોધ
કલગી ગાયન સંગ્રહ.

ભાગ ૪ થો.

લંગડી

અરે સમજ નર દીલમાં કાંઈ નીરધનને ના કાપ અપાર,
રહી વેગલો -કલીથી ઉરની રાખ સ્વછ આપ-ટેક.

૧

દહી ફનાનો ન કર ભરોસો કર ભગવતની જાપ,
સરને જુકાવી-ભકતી કર મુકતી થાસે પાપ.
રહેજે લોભ લાલચથી નીરાશો ન દેતો કોઈને થાપ,
ખુદી તજીદે-પાપનો કરવો પડસે વીલાપ.
સખુન રાખ સમજીને ધ્યાનમાં સુખી કરસે આપોઆપ,
રહી વેગળો-કલીથી ઉરની રાખ સ્વછ આપ

૨

ફળસે તારાપર ભગવત માટે ભર ભકતીનુ માપ,
નથી ભરોસો-કાલનો કરવો પડસે સંતાપ,
શરમ ભરમ ને ધરમ કરમ કઈ તજો ન યારો આપ,
રહી ભકતીમાં-સદા મશગુલ વધારો તાપ.
વાંસે તારી કદી ન આતો બુરઈનો નર તું છાપ,
રહી વેગળો-કલીથી ઉરની રાખ સ્વછ આપ.

૩

કરણી જેવી તેવી છે ભરણી પાછળ કરસે પરીતાપ,
ભરજી પાપથી-દાન કઈ નીરધનને તુ આપ.

ગીયા મરી કઈ હાતમ સરીખા માટે પાપને કાપ,
રયા કલીમાં–લોભી સઉ પૈસાના માબાપ.
વાત ઉતારી લે તું ધ્યાનમાં ન દેતો કોઈને ધાપ,
રહી વેગળો–કલીથી ઉરની રાખ સ્વછ ખાપ.

૪

લાયક ખ્યાલ સમજી દંગલમાં બળેછે ઝેરી સાંપ,
ઉઠીઆ સમજી–આજ દુશમનને ભરાઇ તાપ.
સમજી ખ્યાલ નશારવાંનાં ખુશી રહે પુનાંની કાંપ,
તાબેદાર હું–ફુલીરામ ઉપર તારો પરતાપ.
દંગલમાં ગાએ ખ્યાલ અદલ વલી મારે અંગપર થાપ,
રહી વેગળો–કલીથી ઉરની રાખ સ્વછ ખાપ.

મેરીજાન.

શું પુછી પુછીને મને પુછેછે શાંની
મારીજાન–જરા ધર દીલમાં સધીઆરો,
ચાર ચોકનાં ચાર ભેદનો જવાબ લે તારો—ટેક.

૧

એક નવઈ સરીખી ગાએ તુંએ જોઈ ભાઈ,
મારીજાન–ખરો ઘડીઆલનો છે એ સાર;
બે મુખ ગાએનાં તે બે ચાવીના મોડાં દીલદાર.
ચાર પુછડાં ચાર સીંગડા ને આઠ પગ સાંભલ,
મારીજાન–સોલ ચકકરનો એ છે વીસતાર;
આચણ બાર તે બાર કલાકો સમજો નર ને નાર.
એકેક આંચણે સાઠ સાઠ બચાં ધાવે,
મારીજાન–કલાકની સાઠ મીનીટ મન ધાર;
પહેલો સ્વાલ તારો પુરો થયો છે કરજે શાંની વીચાર.

ચાલ.

ઘડીઆલ સદા ચાલુ છે ન કોઇ દી અટકતી,
કદી અટકે તો પાછી થાએ ફરીથી લટકતી;

મારીજાન-કાન દઈ સમજો દીલદારો,
ચાર ચોકના ચાર ભેદનો જવાબ લે તારો.

૨

તારા બીજા સ્વાલનો સાંભલ અદભુત જોગી,
મારીજાન-જોગી એક મહીનો દીલજાંની;
બે બાએડી તેની તે ખરે બે પખવાડીઆં જાંની.
બાર બાર વરસનાં ત્રીસ છોકરા તે તો,
મારીજાન-ત્રીસ દાહાડા લે વાત માંની,
ત્રીસ છોકરી તેની તે છે ત્રીસ રાત અરે જ્ઞાંની.
છે ચાર ચેલા જોગીનાં તેબી કહું સાંભલ,
મારીજાન-ચાર અઠવાડીયાં લે પીછાની;
બીજા સ્વાલની મતલબ પુરી થઇછે એક મહીનાંની.

ચાલ.

તારી કડી કડીનો ભેદ ખોલું એક પલમાં,
ખોલીને ભેદ બતલાવું તુને દંગલમાં;
મારીજાન-આજ તારો કરૂંછું છુટકારો,
ચાર ચોકના ચાર ભેદનો જવાબ લે તારો.

૩

ખોલું તીજો ભેદ તારો હું કેદ બંદીનો
મારીંજાન- હવે તુ સાંભલ દઈને કાન,
સાઠ ઊંઠમાંથી તુ ખુટ કર નવ ઉઠને દીલજાન;
નવ ખુટ કરેથી રેસે એકાવંન બાકી
મારીંજાન-તેને સતતરે ભાંગ ધર દ્યાન;
સતતરતી એકાવન જવાબ સાંભલ મુરખ નાદાન,
તુને સાઠ ઉંઠ નવ ખુટથી બાંધી દીધાં
મારીંજાન-હવે બાકી સુ છે અરમાન;
તીજો સ્વાલ તારો પુરો થયોછે સાંભલ તુ હેવાન.

ચાલ.

તમે જેટલા સવાલો પુછીઆ ભેદી હમને,
હમે તેતલા જવાબો બોલીને દીધા તમને;
મારીજાન-સમજે છે સરવે નર નારો
ચાર ચોકના ચાર ભેદનો જવાબ લે તારો.

૪

તારા ચોથા દાખલાનોખી દાખલો આપુ,
મારીજાન-કાન દઇ સાંભલ દીલબરજી;
બે હંસ બે ગાલ ગેંદ બે કાન છે ચાતરજી;
સીં સાગર બંને ઠોભા દારી ભાઇ,
મારીજાન-પાહાડ બે હોટ બરાબરજી;
કમલ દાંત કોયલ જીભ પોપટ નાક ખરેખરજી,
પોપટ ઉપર બે મીરગ બતાવું તુને
મારીજાન-મીરગ બેઉ આંખ છે સુંદરજી;
ચંદરમાં છે કપાલ બાલ સોશ નાગ મનીધરજી,

ચાલ.

કહે નસરવાન મરકુમ જવાબ દઇ સાચા,
મારૂ તુરરા વાલાના મુખમાં જ્ઞાન તમાચા;
મારીજાન-"અદલ" નો બુલંદ છે સીતારો.
ચાર ચોકના ચાર ભેદનો જવાબ લે તારો.



શીકસ્તો

અરે ઓ જલ્લાદ ન થા તું ખોટી,
લે પલમાં મારી ઉતારી ગરદન
અગરજો માંગે તે જાંની મારી
તો તેને દજે તું મારી ગરદન—ટેક

૧

અગર તે કહેતો વીલમ ન કરતો,
જુગારી બાજીમાં હારી ગરદન
અટકતો ના તું ન ધોકો ખાતો,
ન જોતો માઠી કે સારી ગરદન.
આ તારા હાથોમાં તેજ ખંજર,
લઇ મારજે આ પ્યારી ગરદન
અચકતો ના તુ ન ડરતો કોઇ થી,
ન જોતો હલકી કે ભારી ગરદન.
અજલથી ડરતો નથી અવલથી,
મેં મારી જાંનીપર વારી ગરદન
અગરજો માંગે તે જાંની મારી,
તો તેને દેજે તું મારી ગરદન.

૨

અરજ આ મારી લે ધારી ભારી,
તું કાપ આ દુઃખીયારી ગરદન
અફસોસ ન કરતો ન દીલમાં ડરતો,
ન લેતો મારી ઉધારી ગરદન.
અગર જો તે માશુક એમ કહે કે,
તું જલદી દેજે પુગારી ગરદન
અકલ ન થાતો ન પાછો જાતો,
તૈયાર કીધી મેં સીનગારી ગરદન.
એક ઉપર ધોલું કફંન ઢાંકજે,
ન જોએ કોઇ નર કે નાંરી ગરદન
અગર જો માંગે તે જાંની મારી,
તો તેને દેજે તું મારી ગરદન.

૩

અધોર વનમાં તું મુજને લઈ જઇ,
તાં લાસ કરજે તું મારી ગરદન.

અજબ ન થાતો નાં ગભરાતો,
  ન જોતો ગોરી કે કારી ગરદન.
આ હાથ અંદર તું તેજ ખંજર,
  ધરી જુદી કરજે ધારી ગરદન.
અકલ ન ખોતો ન કોઇને જોતો,
  તું લેજે મનમાં વીચારી ગરદન.
અનું રાગની અગંનથી બલી,
  આપુચ હું મારી પુકારી ગરદન
અગર જો માગે તે જાની મારી
  તો તેને દેજે તુ મારી ગરદન.

૪

એ વાત સમજી જલ્લાદ આયો,
  લેવાને મારી ખુંખારી ગરદન.
આ સર તેનાં પગપર ધરી મેં,
  તે વખ્તે મારી ઝુંકારી ગરદન.
એ જોઇ જોઇ ને કહેછે જલ્લાદ,
  આતો છે ભારી બીમારી ગરદન.
એ ગરદન કાપી તો થાઉં પાપી,
  માટે ન કાપું હું તારી ગરદન.
અદલ કહે જાંની આપી એકા એક,
  ગરદન થી તેની લગાડી ગરદન'
અગર જો માંગે તે જાની મારી,
  તો તેને દેજે તું મારી ગરદન.



શીકસ્તો.

ઓ મારા પરવર કુલ જહાંન અંદર,
  અજબ છે તારી રોશન પેશાની
પરવત ને પાની ધરતીની ઉપર,
  રચ્યાંછે તેં કઇ અનેક પ્રાની—ટેક.

૧

રસીલાં દીસેછે ગામ ને ઘર,
દેસો દેસમાં છે આબાદાની
ભુલું ન તુજને હું એક પલભર,
સદા કરૂં તુજપર જાંન ફેશાની.
જંગલ ને શેહેરો અનેક જલચર,
રખવાલ સરવેનો તું છે જાંની
ગગન ને તારા રવી ને ચંદર,
ન ભુલે તારી કદી નીશાની.
તમામ નર નારીઓ ને વંનચર,
સર્વે પર તારી છે મેહેરબાની
પરવત ને પાના ધરતીની ઉપર,
રચ્યાંછે તેં કઇ અનેક પ્રાની.

૨

નાં ભુલે પલભર તને કોઈ ઇશ્વર.
રહે તારી સઉપર નીગેબાની
પાલનહાર છે તું સઉનો દીલબર.
વાંસે તુંસઉની રહેછે જ્ઞાની.
લઉં નાંમ તારૂં પાક પરવર,
ન ભુલું તારી કદી ઇધાંની
ન સંગ છોડું ન રાખું અંતર
કદી ન તુંજથી કરૂં બેમાંની.
હાજરમાં રહું છું સદા જુંકી સર,
લગાર ન ભુલું તુંને ઓ દયાંની
પરવત ને પાની ધરતીની ઉપર,
રચ્યાં છે તેં કઇ અનેક પ્રાની.

૩

રચ્યાં છે તેં કઇ નદી સરોવર,
ગીઆંની અજબ તારી અદલ દાંની

અદલ ન્યાય તારો જગમાં ચાતર,
રતી ફરક નહીં સું બોલું તાંની.
દસો દીસામાં તું તો છે જાહેર,
વાલી તેં કોઇ ચીંજ ન રાખી છાંની.
લખે શું તારીફ કોઇ તારી શાહર,
લાયક છે તુજપર અકલ દીવાંની.
પરવર તું કુલ જગનો છે તવંગર,
બંદાઓ પર તારી કદ્રદાંની
પરવતને પાની ધરતીની ઉપર,
રચ્યાંછે તેં કઇ અનેક પ્રાંની.

૪

રજકનથી પરવત કરે બરાબર,
નાં એવી છે કોઇમાં ચેલવાંની
મેહેર "મરકુમની" તું ઉપર કર,
"વલી" ને દેજે નવી જવાંની.
રટે રટંન નીત નશારવાં માયર,
નાંલાએકોની થઇ ધુલધાંની
કરેછે નીત ફરશેરામ હર હર,
રહે જેનાં મુખમાં અંમરૂત વાંની.
રહે "અદલ" નું આ તેજ નશાતર,
છે જેનાં ચંગપર "કલગી" નુરાંની
પરવત ને પાની ધરતીની ઉપર,
રચ્યાંછે તેં કઇ અનેક પ્રાની.



તનતાલી સલામ

મગન થાઓ મનમાં નરનારી તમામ,
માલેકનુ લઇ નાંમ—ટેક

૧

માલીકની છે મેહેર મારાપર, જેથી માંરાપર જગની રહમ
મેહેરથી જેની ગાઇ બજાવી, રાત કીધી મેં ખતમ
મને જાવા દયો કરવા આરામ, માલેકનુ લઇ નાંમ,

૨

મગન કીધા નરનારીને નસીહત દઇ ખોલી ભેદ ભરમ
માનીને નસીહતમારી સઉ ન્યાલો તમે હરગમ
મનાવી હરને બનો તેના ગુલામ, માલેકનું લઇ નામ.

૩

મન મનદરને સફા કરીને, રાખો દીલમાં લાજ શરમ
મુરાદ મનની હાસીલ થાસે કરજો દાંન ને ધરમ
મનથી સઉ છોડો, આ દયાનત હરામ, માલકેનુ લઇ નામ.

૪

મુરશદ મારો નશરવાન છે ચુમુ રાતદીન જેના કદમ
માનું તેને એક દીલથી જ્યાંવેર છે આ દમમાં દમ
મેહેરથી તેની કહે અદલ કલામ, માલેકનુ લઇ નામ.



લગડી

બદી કરવી નર છોડ કપટની કુંડ ખાલીકર તારીજી
નાંમ એક હરનું જપી નર જા પરવર પર વારીજી—ટેક

૧

વધે નાંમ દુનીઆમાં એવો કોઇ મારગ તુ ધર ભારીજી
નાંમ ઇશવરનુ કદી ના દેતો ચતર વીસારીજી
રહી બદી થી દુર યાદ કરજે ગીરધર ગીરધારીજી
નટનાગરનું ભજન કરી તર ભવસાગર વારીજી
સદાકાલ નહીં રેસે તારી જીનદગી અંમર સારીજી
નામ એક હરનું જપી નરજા પરવરપર વારીજી

૨

રહેજે ડરીને દુર પાપથી થાસે દીલબર ખ્વારીજી
વાંચ અંતરનુ લખેલું માન અંતર વીચારીજી
ન કર ભરોસો તંનકાયાનો હરદમ શુમર મુરારીજી
જીવ વગરનું બદન મલસે ધુલમાં નરનારીજી
ફર્યો થઇ બેફીકરો કેમ તેં નાંહક ઉમર ગુજારીજી
નામ એક હરનું જપો નર જા પરવર પર વારીજી

૩

રામ નાંમ જપ નીત્ય જાપ અંતરનો ધુંમર ધીકારીજી
મન મનદરનુ દવાર કર સફા દીલ અંદર ધારીજી
જીવની દોરપર ફરસે એક દીન કાલની કાતર ન્યારીજી
અજરા અમરનુ ધ્યાન ધર તનમાં ન ભર હેંકારીજી
નેકી કરી સરવેથી જગમાં આનંદ ફર હરબારીજી
નામ એક હરનુ જપો નર જા પરવર પર વારીજી

૪

અદેખાઇ નીંદાઇ તજીદે લેસે પરવર ઉધારીજી
રહે નેક નરનુ નામ નીત રહે ઘરઘર યાદગારીજી
દેછે જવાબ નશરવાંન તારા ખ્યાલોપર સર લલકારીજી
સર બે ખબરનુ હમેશા લઉં અકસર ઉતારીજી
રતન જરેછે "અદલ" હમેશા ખ્યાલની અંદર નારીજી
નામ એક હરનુ જપી નર જા પરવરપર વારીજી



લંગડી

જોતીશ શાશતરનો સાર ખબર છે નવું કયું સું કરી અરજ
સમજી ચુંકાછે હમને કંઇ નથી જોતીશ શાશતરની ગરજ—ટેક.

૧

ગાવો ખ્યાલ કોઇ એવા સભામેં જેથી વધે કંઇ કીરતી અથાગ
રહી મગનમાં મગનમાં રઇને દુરગુન સરવે ત્યાગ

કેમ ગફલતમાં સુઇ રયોછે ગફલતની નીંદમાંથી જાગ
મનને મનાવી દુરકર કપટ કીનો ને દીલનો દાગ
જાહેર વાતને કીધી તેં જાહેર એમાં શું તેં બજાવી ફરજ
સમજી ચુકાછે હમને કંઇ નથી જોતીશ શાશાતરની ગરજ.

૨

પડતી મેલ સઉ વાતને ભાઇ ધાર તું મનમાં આ ઉપદેશ
કહાં સુધી હું સીખામન દઉં તને તજ ભાઇ કલેશ
કરીલે એવાં કાંમ નેકીનાં કરે કાલ નહીં પારપર વેશ
વારમ વાર હું દઉં છું બોધ તને એવો હમેશ
ઉરદુ ફારસી અરબી તુરકી ગાઓ હીંદી ગુજરાતી તરજ
સમજી ચુકાછે હમને કંઇ નથી જોતીશ શાશાતરની ગરજ

૩

રહે આપ સ્વછ સદા હમારી જેથી થાએચ કુલ કાજ સુફલ
કૌલ ખુદાનો કબુલ છે સરવેને આંખર અવલ
જેવી કરણી તેવી છે ભરણી મુરખ નકાંમો નહીં કકલ
બે દીવસની છે જીંદગી સઉને જવું આગલ પાછલ
સખુન શીરી સરવદા સમજીને ભાઇ નકામો નહીં લરજ
સમજી ચુકાછે હમને કંઇ નથી જોતીશ શાશાતરની ગરજ

૪

રચું કહાંતક તાનાં તને કેવાને મને ઉપજે છે ખેદ
મનથી સમજી લે નશરવાં કરે તારા કંઇ ખ્યાલને કૈદ
ખરી ખુબી પીછાન ખુદાની બોધ તને દેછે જમશેદ
સખુન આ શીરી સમજીને ન થા નકામો તું નાંઉમેદ
રૂશતમજી કહે અદલ ખ્યાલ તુ સરજે તો બસ એવા સરજ
સમજી ચુકાછે હમને કંઇ નથી જોતીશ શાશાતરની ગરજ



લંગડી

નવ ખંડ દવીપ સાતની અંદર નથી બીજો ભગવાંન સમાંન
નામ નરોતમ ધરેછે ધ્યાન જેનું ઇનસાંન હેવાંન—ટેક

૧

નારાયન નટનાગર ઇશ્વર કુલ જગનો ગુનવાંન મહાંન
ન્યાએ નીરાલો છે તારો કરે તારી દીલજાંન વખાંન
નામ ન ભુલે હુર મલાયક જેનું છે પરસ્તાંન મકાંન
નીરાધારમા તું વાલી કીધી તેં કુલ મંડાણુ જહાંન
નથી તારી કુદરતનો પાર તું ચાહે તો કરે રાંન ચોગાંન
નાંમ નરોતમ ધરેછે ધ્યાંન જેનું ઇનસાંન હેવાંન

૨

નમન કરી દસ દીશ તારી કુદરતપર બોલે વોદવાંન જબાંન
નસ નસ અંદર યાદ નીત કરે તને બલવાંન હૈયાન
નર નારી કુલ ભજે તને નહીં ભુલે પલખી નાંદાંન અગ્યાંન
નીરાંકાર તું છે સરવે ધરે તારૂં ધનવાંન ધીયાંન
નીરાસરાનો મદદગાર સું કરૂં તારૂ અઝદાંન બયાંન
નાંમ નરોતમ ધરેછે ધ્યાંન જેનું ઇનસાંન હેવાંન


૩

નથી થંભ ધરતી પાણીને વીનાં થંભ અસમાંન નીષાંન
નુરની રોશાન છે સઉ ચીજ કરૂં જેની હું જાંન પીછાંન
નથી બીજો કોઇ તારી બરાબર આ જગમાં મસ્તાંન જવાંન
નંજરમાં તારી છે સરવે શોધે તારી હરઆંન નીશાંન
નથી ખાલી તુજ નાંમ સીવાએ વેદ પોથી પુરાંન કુરાંન
નાંમ નરોતમ ધરેછે ધ્યાંન જેનું ઇનસાંન હેવાંન

૪

નામ તારૂં ચો ખુટમાં નથી કોઇ નર તુંજથી અંજાન બેમાંન
નીશાંન ચંગપર છે પચરંગ ગાએ ગુરૂ નસરવાંન ગીયાંન
નહીં નજરમાં આવે દુષ્ટોની જોઇએ ઢુંડો ઇરાંન તુરાંન
નમી ફકીરાંમ કહે નાં કરો કદી કોઇ માંન ગુમાંન

નમન કરી કહે "અદલ" કરૂં હું તેનીપર કુરબાંન પરાંન
નામ નરોતમ ધરેછે દયાંન જેનું ઇનસાંન હેવાંન.



લંગડી

સંતોશ ધર નર સંકટ વેળા થસે ન તારી આસ નીરાસ
સદ્દગુની થઇ–ચાલજે અંતમાં થાસે સ્વાસ ખલાસ—ટેક.

૧

સાંન સલુકઇ સઉથી કરીલે રહેસે બારે માંસ ઉદાસ
સત નર સંગમઈ–ટાલજે સઉ જુઠો કંકાસ ભુંડાસ
સદગુનનો સજી સાજ તું હરદમ કરજે દીલમાં કયાસ તલાસ
સખુન શીરીં કઇ–વાળજે નીરધનની તું ખાસ નીસાસ
સત શબ્દોનો સાથી થઇ–ને કદી ન કર બીજાસ તીખાસ
સદગુની થઇ ચાલજે અંતમાં થાસે સ્વાસ ખલાસ

૨

સખુન સમજી સાચા મનમાંથી કાહાડ તારા કડવાસ બુરાસ
સરજી સલુકઇ–ધાલજે સઉ બુરઇનો વાસ ખવાસ;
સદા કરી સુમરન સત હરીનું પાપ તજી કૈલાસ તપાસ.
સઉથી અલગ રઈ–ચાલજે સદા સંતની પેદાસ નીકાસ
સરસે સરવે કાજ તારાં જો કરસે અગર તુ નાંસ વીલાસ:
સદગુની થઇ–ચાલજે અંતમાં થાસે સ્વાસ ખલાસ.

૩

સરવે દુર થાસે દુખ સંકટ, અગર કરસે ફુસ ફાસ તુરાસ;
સતને: સાયો સઈ, જાલજે હાથ તેનો થઇ દાસ પ્રકાસ.
સાફ સફાઇ દીલની આરસી, કરીને કર ખુલલાસ ઉજાસ;
સતને સરંન જઈ–પાલજે સઉ પ્યાસાની પ્યાસ વમાંસ.
સારી સીખાંમન સમજ મુરખ, નહીં દાચું મારી પાસ વકાસ;
સદગુની થઈ–ચાલજે અંતમાં થાસે સ્વાસ ખલાસ.

૪

સંભલાવી નસીઅત મેં તારા મુખપરનો દીસે છે રતાસ ફોકાસ;
સરસ ઉતર કંઇ, આલજે કહ્ રૂશતમ રૂપદાસ ખરાસ.
સર કરે નસરવાન સરવે દુશમનને પેડો છે લાત તરાસ;
સરવે સુસ્તી ગઇ, કાલજે મનમો આગ અવીનાસ પોરાસ.
સરકી ગયા સકે દુશમન "અદલ"થી જઇને કીધો વનવાસ અપાસ
સદગુનો થઇ, ચાલજે અંતમાં પાસે સ્વાસ ખલાસ.



લંગડી.

કપટ કીનો કરવત ને કટારી કપટી કાજ નહીં કર નાપાક;
કલી કાલમાં, કપરૂં કાકતીઉં પકડસે કરી હલાક–ટેક.

૧

કંકાસને કર દૂર કદી કકલાટ ન કરનો થઇ મુશતાક;
કદી કચ કચાટ, ન કર કંકોતરી કરમની વાંચ જરાક.
કરમ કપટી કમકમાંટી કાલા કરવાં કાજથી પલભર થાક;
કટક તું કર કંઇ, નેકીનું ત્યાર અરે કનતક ધર ધાક.
કરમ કથા કોઇ કહે કયાં તક વેર જેનાં કર્મનું ઉલટું ચાક;
કલી કાલમાં, કપરૂ કાકતીઉં પકડસે કરી હલાક.

૨

કર કુતર્ક કંઇ ત્યાગ કુતર નેકીનાં ત્યાર કર થઇ મન પાક;
કંકાસીક ફુલ, કાપ કાયમ કર સંપતીક મુલનો પાક.
કુ કરમી ક્રોધી કંઇ કુ તરકી આખર કાલનો થસે ખોરાક;
કરી કપટ કુંદ, કંઇક નાપાક નરકનાં થસે ઘરાક.
કરતુક કરપીન કરી કેવા કંઇક મુજી ફરે થઇ તરીમ તરાક;
કલી કાલમાં, કપરૂ કાકતીઉં પકડસે કરી હલાક.


૩

કદમ નર્કમાં કદી ન મુકો કાયમ કરો કીરતીની સાક;
કરો કંઇ ભકતી, કીપાલું પાક ખુદાની એકક કલાક.

કાજ કરી કીરતીના કપટ ને કીનો કરો કંઈ દુર તલાક;
કંકાસ કજીઓ, કદી નહીં કરો કોઈથી એક પલભી છટાક.
કરની કરો કંઈ ભલી કુતરકી કાજ કરો નહીં થાસો ખાક;
કલી કાલમાં, કપરૂ કાકતીઉં પકડસે કરી હલાક.

૪

કમ અકલી કીસમતનાં કાણાં કરે કંઈકોની ભુંડી મજાક;
કરપીણુ કરતુક કરી કંઈ એક કીસનનાં ખાએ તલાક.
કકાના કંઈક અથંગ ખ્યાલ કહી કપટી તુરાનું કાપુ નાક;
કહે વલી મરકુમ, કંઈક કમ અકલો કુતરાને ભાગો સરાક.
કકરા, કકરા, કરે, કઈક, ખ્યાલોના અદલ હરદમ ચાલાક;
કલી કાલમાં, કપરૂ કાકતીઉં પકડસે કરી હલાક.



રંગત જુની

જામ કીયા ગુરૂનું પીધું, હું પુછું તુને કહે સીધું—ટેક.

૧

વીન ગુરૂ ન ગાવા જઈએ, જઈએ તો હારમાર થઈએ
એક કોરે બેસી રઈએ, ગાવાનું નાંમ નહીં લઈએ
કમ અકલ ને બુધી થોડી કાફીયા રદીફો ચોરી
ચોરી પર કરે સરજોરી, તનમનથી લાજ સઉ છોડી
તેં સાને સારૂ એમ કીધું, હું પુછું તુને કહે સીધું. ૧

૨

પીયો પુરા ગુરૂનો પ્યાલો, જઈ હાથ તમે તેનો ઝાલો
નહીં મુખડો છુપાવો કાલો, સઉ દમાંમ છોડો ઠાલો
હમે સાધી વાત તને કેસું, તને સારી સોખામણ દેસું
નાં દેવા વાના હમે રેસું, દઈ બોધ તને જશ લેસું
તેં કેમ ન માની લીધું, હું પુછું તુને કહે સીધું. ૨

૩

વીન ગુરૂ તમે નહીં ગાવો નાંહક નાં ઇઝત ગુમાવો
સત ગુરૂના ચેલા થાવો નતો મારી બાજુમાં આવો
કંઇ માનો સીખામન સારી, લેજો કંઇ મનમાં વીચારી
ગઇ મતો તમારી મારી આજ બાજી ગયા તમે હારી
તારૂ મન મુરખા કેમ બીધું, હું પુછું તને કહે સીધું. ૩

૪

આ નસીહત માની લેજો, હવે છાના માના રેજો
કાંઈ જબાબ હાજર દેજો, પાછળના ભુંડું કેજો
કહે નસરવાં જીજીભાઇ, હીમતાઇ કરે સરસાઇ
શંકર ફકીર કહે ગાઇ, લીલા રાઘવ કહે ભાઇ
જામ કયા ગુરૂનું પીધું, હું પુછું તને કહે સીધું. ૪



લંગડી ઝડફી.

સમજો સરવે નર ને નારી–વાત ધારી લેઓ વીચારી,
બારી બનેલી વીસ્તારી–કહી સભંલાવું જખુન;
ઘોળે દહાડે,–થયાં ટાવર પર બે અબલાના ખુન–ટેક.

૧

ઘરથી નીકલી બને નાર–કરી બદનપર સીનગાર;
ટાવર જોવાને દીલદાર ચાલી દુઃખીઆરી.
ખરી બપોરે–ચડી ટાવર ઉપર બને નારી;
બાહાર લાયો ઘરથી જમ–લીધો અબલાઓનો દમ.
દીધો કુલ દુન્યાને ગમ,–ઝખમ કારી;
શેહેરો શેહેરમાં,–સમજી સઉ કરવા લાગા કીલકારી.

શેર.

એક ગોદરેજી અને એક કામદીન ખાનદાનની;
બેઉ અબલાઓની હાંણી થઇ અતીશે જાનની.

શું લખું હું હાલ હતી બેઉ નારો પાક દામાનની;
લીધો સતવંતોનો જીવ મરજી જેવી ભગવાનની.
બને સતવંતી જવાન,–ધરી સતને ખોયો પ્રાન;
જેપર ફીદા સારી જહાન,–થઇ ગાએ તેનાં ગુન.
ધોળે દહાડે,–થયાં ટાવર પર બે અબલાના ખુન.

૨

નામ એકનું પીરોજબાઇ, બચુબાઇ બીજું ભાઇ;
હતાં નણુદ ભોજાઇ, બંને દીલદાર;
એકક ઉપર, નખાવી કુલ જગને કીધી ગમખાર.
સારી દુન્યાંના લોક, સમજી રડે ફોકે ફોક,
રાખી સતવંતીનો શોક, કરે ગમનો પુકાર;
આગલ પાછલ, ધ્યાન બેઉ સતવંતીની ચાલી યાર.

શેર.

હાએરે યમદુત દયા નહીં આણી અબલા નારની,
પલવારમાં બે પ્રાણુ લઇ ગયો પાસ તે કીરતારની;
ગમના દરીઆમાં ડુબાં સઉ સમજી વાત ગમખારની,
રાહા લીધી સતવંતીઓએ સત ખુદાને બારની;
સરવે જગ સંસારી, રાત દાહાડો કરે જારી,
શોક રાખી દીલમાં ભારી, કહે ગમગીન સખુન.
ધોલે દહાડે થયાં ટાવરપર બે અબલાનાં ખુન.

૩

તેમનાં ખુનની ખબર,–સઉને પોંચી ઘરોઘર,
સમજી સરવે નારી નર,–થયાં દીલમાં ઉદાસ;
હાએરે ખુની કીધું સતવંતોનું કેમ સત્યાનાશ.
જરા કદર નહી જાણી કીધી બંને જીવની હાણી,
ચાલ ચાલીને શહેતાની–સઉને કીધાં નીરાસ;
પાક જાતની–ઇજત લુટવાનો દીલમાં કીધો કયાસ.

શેર.

બે કદર બે રહમ મુજીઓને કદર આવી નહી,
જાન લીધો બેઉનો એકનેબી બનચાવી નહીં;

[redacted] નાર મુઈઓ ઉપર ફાવી નહીં,
જાનથી જાશું એવો અંદેસો મન લાવી નહીં.
હાએ હાએરે ચંડાલ-દીલમાં કીધો નહીં કઇ ખ્યાલ,
લાવી સતવંતીનો કાલ-સતપર કીધો અવગુન;
ધોલે દહાડે-થયાં ટાવરપર બે અબલાના ખુન.

૪

દાકટર આયો કારોનર-જુરી ભરી લાસ ઉપર,
ચીરીઆં બેઉનાં જીગર, કરવાને તપાસ;
નીર નેત્રથી-વરસાવા લાગાં સરવે જોઇ બેઉની લાસ,
જોઇ બેઉનું એકીન, સારી દુનયા ગમગીન
તારીખ ૨૫ મી દીન, બંધ થયા બંને સ્વાસ;
દુખ દાયક જોઇ હાલ કાંપે ધરતી પાણી આકાશ.

શેર.

સતનો સાયો ધરીઓ જેણું તેપર નજર તે નહીં કીધી,
ટુંક ઉમરમાં અએ ખુદા જટ પાછી તેં તેડી લીધી;
દુશટોને થઇ સાહે મદદ પતીવરતાઓને નહીં દીધી,
કુલ નાર ને નરનાં જીગર બે તીરથી દીધાં વીંધી.
સરવે જાત ને પરજાત, ભેગી મલી સઉ સાત,
મારે કપાલ ઉપર હાત, લાવી હીરદે જનુન;
ધોલે દહાડે-થયાં ટાવરપર બે અબલાના ખુન.

૫

એક પારસી જવાન-હતો ઉમરે નાદાન,
જેપર લાવી અનુમાન-પોલીસે ધરી;
નાખી કએદમાં બીના સઉ પુછવા લાગા તેને ખરી,
કહીદે સાચે સાચી વાત-કોણે કીધી બેઉના ઘાત;
કેટલાં છે તારી સંગાત-પુછીઉં ફરી ફરી.
બંદીવાન કહે-કુસુર મારી બીલકુલ એમાં નથી જરી.

શેર.


સામને પોલીસે મેજીસતરેટની ઉભો કીધો,
પુછીઉ મેજીસતરેટે જીવ સતવંતીઓનો તેં લીધો;
કાંપતાં હઇડાએ તેણુ તુર્ત એમ ઉત્તર દીધો,
બીન ગુના મુજપર છે તોહોમત એમ કહી પાછો બીધો;
લીધી સાક્ષીની જબાની–મેજીસતરેટે દીલમાં ઠાની,
કીધો સેશન કમીટ જાની–સઉ કાએદા કાનુન;
ધોલે દહાડે–થયાં ટાવરપર બે અબલાના ખુન.

૬

હાઈકોરટમાં તપાશ–ચાલી પાછી તેની ખાસ,
જડજે કરી દીલમાં કયાસ–એમ કીધો વીચાર;
આએ જુરરપર–હવે હું રાખું છું સઘળો આધાર,
મત લઇને જુરી આવી–જડજને વાંચી સંભળાવી;
નીરદોશ બંધવાને ઠરાવી–છોડી દીધો દીલદાર,
નશરવાન કહે–ઉમેદ સઉની સઉના દીલમાં રહી યાર.

શેર.

હાણી પોંચી બેઉ પતીવરતાને કોઇ બદકારથી,
આજ તક તેનો નહીં પત્તો મલે સરકારથી;
હયાંથી તો છુટસે ખુની પણ કયાં જશે હરદવારથી,
ગમખાર છે મહેફીલ કુલ આં અદલના લલકારથી,
કહેછે "અદલ" આજ ગાંની, સરવે સમજી લો દીલજાંની,
સેજ દીવસની જીંદગાની, માટે કરી લીઓ પુન;
ધોલે દહાડે–થયાં ટાવરપર બે અબલાના ખુન.



લગડી

અએ માનવ કર વીચાર કંઇબી આ દુનીઆમાં આયાનો,
ન કર ભરૂસો–આ તન મન ધન જોબન ને કાયાનો—ટેક.

૧

દીધો જનમ તને માત પીતાએ સાંભલ આ દુન્યાં ફાનીમાં,
થયો પછી તુ–અતી ચનચલ આ દુન્યાં ફાનીમાં
પછી તું શીખવા લાગો વેદ પીંગલ આ દુન્યા ફાનીમાં,
રમીઓ અનીતમાં–અતી પલ પલ આ દુન્યા ફાનીમાં;
વધારી દીધી અનીતને મારગ તજયો તેં હરના છાયાનો,
ન કર ભરૂસો–આ તન મન ધન જોબન ને કાયાનો.

૨

રહી અનીતમાં કીધાં કાજ તે અફલ આ દુન્યા ફાનીમાં,
નર નારીની–કીધી કંઇ નકલ આ દુન્યાં ફાનીમાં;
સદા ગુમાવી ખુરઇમાં તારી અકલ આ દુન્યા ફાનીમાં,
રયો બેખબર–ચાલ્યો નહીં અદલ આ દુન્યા ફાનીમાં;
વાત ધરી બેઠો કેમ જુઠો જુઠી જગની માયાનો,
ન કર ભરૂસો–આ તન મન ધન જોબન ને કાયાનો.

૩

અનીતના કાજો તજી ન કર કલ કલ આ દુન્યા ફાનીમાં,
ડર સાહેબનો–તું કર પાગલ આ દુન્યા ફાનીમાં;
ભઇ જાસે જીવ જમ ન કર છલબલ આ દુન્યા ફાનીમાં,
પાછી ન તારી-થસે મંજલ આ દુન્યા ફાનીમાં;
રડસે પછી તુ ભાઇ નકામો ફોકટ ફેરો ખાયાનો,
ન કર ભરૂસો–આ તન મન ધન જોબન ને કાયાનો.

૪

મેડી માલ સઉ મેલી જસે પાછલ આ દુન્યા ફાનીમાં,
રહેસે ન કંઇબી તારી આગલ આ દુન્યા ફાનીમાં;
કમર કસી નેકીપર તુ કરજે રજલ આ દુન્યા ફાનીમાં,
રહેજે અનીતથી–અલગ તુ "અદલ" આ દુન્યા ફાનીમાં;
જેહરી તીર દુશમનને કલેજે લાગો અદલના ગાયાનો,
ન કર ભરૂસો–આ તન મન ધન જોબન ને કાયાનો.

ખડી.

નીતી તજીને અનીત અંદર ફુલી ફુલી તુ મરતો નાં;
નેહ લગાડી હરી નામથી પર ધન કોઈનું હરતો નાં—ટેક.

૧

નીચ કામોનો ત્યાગ કરી તું પર નીંદામાં મરતો નાં;
નર્ક કુંડનો ભાર ભરી સર ઉપર કદી તું ધરતો નાં.
નીંચ કૃત્ય તું સુધાર તારાં બદ ફેલીમાં ફરતો નાં;
નામ હરીનુ લઈ એક મુખપર કાજ અનીતનાં કરતો નાં,
નાખી જાલ પામાલ કાલ કરસે તુ પછી બબરતો નાં;
નેહ લગાડી હરી નામથી પર ધંન કોઈનું હરતો નાં.

૨

નીચોની સંગતમાં રહી તું પેટ પાપથી ભરતો નાં;
નેકી સીવાએ મારગ બીજે કોઈ કાલે તું ધરતો નાં.
નેક કામ પર કદમ ઉઠાવા જરો તું દીલમાં ડરતો નાં;
નાદાનોનાં કેહ્યા ઉપરથી જ્ઞાની સંગ તું લરતો નાં.
નડતો નાં વીન કારંણુ કોઈને ઘાત કોઈનો ધરતો નાં;
નેહ લગાડો હરો નામથી પર ધંન કોઈનું હરતો નાં.

૩

નટનાંગર ઈશ્વરનાં ગુણ ભંડાર કદી તું વીસરતો નાં;
નર્ક કુંડનાં કીડો ઉપર જાંગુી જોઈ પગ ધરતો નાં.
નેક થજે તું નેકી કરીને કદી બદીમાં ઉધરતો નાં;
નેક નરોના સંગત કરજે પલભર ત્યાંથી સરતો નાં.
નાંદાનો તું કરો પોતાનો બલા જલીને ઝરતો નાં;
નેહ લગાડો હરી નામથી પર ધંન કોઈનું હરતો નાં.

૪

નસરવાન કહે ગાવામાં તું કદી "અદલથી" અરતો નાં;
નસીયત સમજી રૂડી નકામો દીલમાં ભાઈ ફફરતો નાં.

નવા ખ્યાલ શંકર લીલા કહે સમજી હાથ મસરતો નાં;
નથી જંગ મેદાંન સેહેલ કહે ફકીર તું તેમાં ઉતરતો નાં.
નખરાબાજી છોડ "આદલ" કહે હારીને પાછો વરતો નાં;
નેહ લગાડી હરી નામથી પર ધંન કોઈનું હરતો નાં.



લંગડી.

આ દુનીઆમાં દેહી ધરી તે અમરની કર યાદગારીજી;
એક નીરનજન,—જપી લે નામ ભરણી ભર સારીજી—ટેક.

૧

ખીયાલ દીલમાં કરી પાર સુખ, સાગરની તર ભારીજી;
યાર કે કોઈ દાસ-અરા ન હીં સાથે ધરની નર નારીજી.
લડઈ ને ટંટા છોડ યાદ કર ઈશવરની સર મારીજી;
નોકર બરાબર—સેવા કર સાંઈની [illegible] બારીજી.
રહેસે કદી નાહીં દુખો જે ઈશ્વરની ઉપર વારીજી;
એક નીરંનજન,—જપી લે નામ ભરણી ભર સારીજી.

૨

ચરન તું પકડ હરદમ કરીને પરમેશ્વરની આસર નેચારીજી;
નાસતીક હમેશાં—ડરા ન ગરજ઼ની ધર બારીજી.
રમત છે જગની જુઠી માટે કર લે ધરનો વર ઉધારીજી;
રે ભિલ મુરખ મન,—અહમ કર હરની ચાર વીચારીજી.
હરીને કીધો યાદ નાહીં દીલબરની ખબર વીસારીજી;
એક નીરંનજન,—જપીલે નામ ભરણી ભર સારીજી.


૩

રસ્તો પકડ નેકીનો યાદ કર ગાર નરની ખર યારીજી;
અનેક મનનો.—દયાલુ ભાર સરનો પર ધારીજી.
દયાલુ મનને કરીને કર સબરની સર ચાહાદારીજી;
લગાડ સાચે,—લગન જડ જરની ખરેખર મારીજી.

નથી તેની કુદરતનો પાર કર કરની સબર વધારીજી;
એક નીરંજન, જપીલે નામ ભરણી ભર સારીજી.

૪

સર ગણજે રસરાતાને તારા સરની કદર વીસારીજી;
રહેસે અકેલો,—ને ફરસે ઉંમરની ઉંમર ગુજારીજી.
વાન કહે નસરવાન સું કહું અરદેસરની પર ઉપકારીજી;
નકાએ ગોતરફ—ચાલે શાહરની જબર સવારીજી.
જીવન રામ કહે અદલને નહીં કોઈનીબી કદર વધારોજી;
એક નીરંનજન,—જપીલે નામ ભરણી ભર સારીજી.



લાગણી

અરે સમજ નર દીલમાં કાંઈ નસીહત મારી ધારીજી;
દમપર દમ કર,—યાદ પરવરની ભારી વીચારીજી—ટેક.

૧

લઈ ભકતીનો મારગ કહીનાં કરતો તારી મારીજી;
ફરજે નીરંતર,—તજીને દુનીઆદારી સારીજી.
રામ નામ ભજ આડો નામ તજ લાચારી નરનારીજી;
મનનું તું મંદર,—સદાકર શુક એંકારી વીસારીજી.
જીભાપર ધર નામ એક ઈશ્વર તજ સારી નઠારીજી
દમપર દમ કર—યાદ પરવરની ભારી વીચારીજી

૨

નહીં હરીને અલગો સમજ કર ભકતી તેમારી પ્યારીજી,
સ્વર્ગની અંદર—જસે વૈકુંઠનો બારી ઉઘારીજી;
રડી રડીને મરસે કાલની ખાઈ કટારી કારીજી,
વાંસે તુ આખર—રડસે બે કરાર હારી પુકારીજી;

ન ફર થઈ બે ફીકરો નફકરો એમાં છે તારી ખ્વારીજી,
દમપર દમ કર—યાદ પરવરની ભારી વીચારીજી.

૩

ફુલી ફુલી નહીં ફરતો નકામો જીંદગી ગુજારી નકારીજી,
રેહા હરીપર-ફીદા તન મન નર નારી વારીજી;
દુન્યાંદારીથી પાર તમારી મુકસે સવારી ઉતારીજી,
નહીં ભવ સાગર—ડુબો રહેસે યાદગારી તમારીજી;
જીવ જાન કુરબાન કરો જમની અસવારી મારીજી,
દમપર દમકર—યાદ પરવરની ભારી વીચારીજી.

૪

કુરો કદી નહીં સતવાદીઓ થઇ સંસારી જારીજી,
લરજ તુ દીલબર—પાપની સઉ વારી પરવારીજી;
ગીઆની નસરવાં ગાએ થાપ ચંગપર મારી લલકારીજી
વાર અરદેશર—કરે તને શબ્દ સુધારી સમારીજી;
લાએક ખ્યાલ ગાએ "અદલ" જેની ધન બલીહાર હુસ્યારીજી
દમપર દમ કર—યાદ પરવરની ભારી વીચારીજી.

સખી.

કર પ્રભુની ભકતી નર કરમાં નીરંગ ધર પાક તું;
કાજ કરતો ના કદી કરપીન થઇ નાંપાક તું.
કાલની છે જાલ બુરી તેનો ધરજે ધાક તું;
કુતર્ક કરજે ત્યાગ નર કોઇ વેલા થાસે ખાક તું.
કર ખુદાની યાદ તું રહે ખાકમાં સરને જુકી;
કહે અદલ સમજી સખી ધર દયાંન એ ચાલાક તું.

ધોશા.

કદીના રહે તો મન મુશતાક,
કુતર્કો તજીને કર મન પાક;
કદી ના કરતો કોઇને હલાક,
કરતો ના કદી તુ કોઇની મજાક;

કાજકર નેક કરી નેકી,
કાલ જીવ લેસે એકા એકી.

સખી.

આયા હું ખીદમતમેં સબ દોસ્તોકે ખીદમતગાર હું;
અગીયારકા દુશમન સદા ઓર યારકા મેં યાર હું.
યારકા યારી નાભાનેકોસરે બાઝાર હું;
અદલ કહે હુકમોમેં હાઝીર સર દેને તેયાર હું.

દોડ.

ઇલાહી મુજે દરશ દીજે, મેરેપર લુત્ફે કરમ કીજે;
દરશ બીન કયું કર દીલ રીજે, મેરા કહેના કુછ સુન લીજે.
હુવા બેકરાર જીનેમેં, ધ્યાન હય્યે મેરા મદીનેમેં;

સખી.

બનકે શેદા ફીરતા હું દરપર હુમારે રાતકો;
પહેલુમેંસે ઉઠકે ફીર કાંહાં સીધારે રાતકો.
દીદ બીન ના હય્યે સબર દીલકો મેરે કુછ અય્યેસનમ;
આદલ કહે ફીર ગય્યે મેરી ગરદનપે આરે રાતકો.

ધોશો

એ દીલ હમ દેને વાલે હય્યે કહાં પર લેને વાલે હય્યે
રંજો ગમ સહેને વાલે હય્યે અર્શ પર રહેને વાલે હય્યે
અદલ કહે વોહો હય્યે ઘર અપના નહો કયું બુલંદ સર અપન

સખી.

ચાંદસાં ચમકાકે ચહેરા કાહાં સીધારે રાતકો;
ગીનતે ગીનતે થક ગય્યે બાદલકે તારે રાતકો.
આકે લગ જાના ગલેસે અય્યેસનમ એકબાર તુ;
અદલ મુનતેઝર હો ફીરતો મારે મારે રાતકો.

દોડ.

ઇલાહી થીવો કૈસી રાત, હુવા નહીં મેરે સનમકા સાત;

કીસે જા સુનાઉં ગમકી બાત, બાત બાતોપે જાનકી ઘાત.
શમા હુએ અગર જાન જાના, શમાપર અદલ હુએ પરવાના.

સખી

હુસ્ન દેખ શરમીંદે રહુતે હુએં સીતારે રાતકે;
મહેતાબ બાદલમેં છીપે ફીરે મારે મારે રાતકો
દેખ હુસ્નોકી ઝલક હુટે હુએં [illegible] રાતકો;
અદલ કહે ફીરતા હુએ [illegible] શાક [illegible]કે ન્યારે રાતકો.

ધોરો

[illegible] દાસે મ[illegible]
[illegible] ઘેરા બજ્ના [illegible]
[illegible]ગા અદલ [illegible] કાયમ

સખી.

રોઝ [illegible] રાતકો;
મર[illegible] [illegible]ારે રાતકો.
દી[illegible] રાતકો
અદલ ક[illegible] નામહી [illegible] રાતકો.

ધોરો

તેરે [illegible] તું માર ચા[illegible] તું [illegible]ાર
નહીં કીસ બાતકા [illegible] ઇનકાર [illegible] કહે નસરસાં [illegible]લકાર
અદલ બઝમમે તુ આનાં છોડ કોઈ જાહેલોંસે ગાંનાં છોડ

સખી.

અએ ઓ નર તજ ઉરથી કહું નાદ તું દીલબર સદા,
આઇ યમદૂત કોઇવાર લેશે પ્રાણ તેથી દૂર સદા;
અએ યાર કહેલું માન કઈ મનરંજન થઇ નહી ક્રૂર સદા,
આએ અદલ તારી સખી પર કહે સખી નાદર સદા.

ધોરો.

સરસી નેકીનું છે જો પ્યારા, સઉને સતકાર દેજો પ્યારા;
સાચલો નેકીનો નેજો પ્યારા, સીખામન માંની લેજો પ્યારા.

સખી.

નીચ દૃષ્ટી છલ કપટ છકેલ પરનારી કને,
ભ્રષ્ટ બુધાના મુરખ બસ તેને એક પ્યારી ગને;
કુલીન ઘરનારી તજી કુમારજાથી સીર હને,
કુતર્ક કરમા તે કરે ગ્નાનીઓ થઈ મુરખ બને.
ગુનકાઓ ઉપર અભાન ગુજાર રત માફક ભનભાને;
ધત માલ કઈ સમજાવુ છું હું ધારુ આ સાંભલ તને.

ધોશો.

અભાન રહે પર તીર્યાની પાસ. પુરી સહે કરીને તેની આશ
તજી ઘરનારી પોતાની ખાસ, રાખો દુર્શાલાભ કહે હરદાસ.

સખી.

ઇશ્ક હરદમ કરજો હરનો ફાયદો જોશો તમે,
ઉલટે રસ્તે જો જશો છેવટ સુધી રોશો તમે;
આ શીખામન સમજીને કરતા નહીં ગોશો તમે,
આ સખી પર જટ બીજી કહીદા સખો ધોશો તમે.

ધોશો.

પ્રાથના કરો તેની હરબાર,
પછી તેનો જુઓ નફો દીલદાર;
પરથમ દુર થશે કષ્ટ સઉ ચાર,
પછી જાશો વૈકુઠને દવાર.
અદલ કહે સખી નવી છે ભ્રાત;
સનદખી છે આ સખીની સાત.

સખી.

અએ હરી કર મેહેર હરદમ તું આ મુજ બંદા ઉપર,
દેખાડ તુ દીદાર તારાં થઈ પ્રસંન મુજપર ઓ નર;
સરજી છે કુલ જહાંનો તેં સઉપર તારી રેહેમ નજર,
રહેજે નીત નશરવાનજાર મેહેરબાન થઈ કહે અરદેશર.

ધોશો.

નથી તુજવીન કોઇનો આધાર, સદા તને યાદ કરૂ કીરતાર;
રહી હરદમ ભકતીમાં યાર, વાણુ નીત વદું નેક હરબાર.

સખી.

કરણી કરજો નેક આફતમાં કુવે પડવું નહીં,
કાલથી ડરતાં રહી દુઃખ જોઇને રડવું નહીં;
કોઇ દીસ પાય ઝેર તેને જાણવું કડવું નહીં,
કહે અદલ તકસીર વીન કોઇને કદી અડવું નહીં.

ધોશો.

આગર જો પાપ તમે કરશો,
રજકથી હાથ ધોઇ ફરશો;
દેવાનાં થશો નઇ સુધરશો.
સંકટથી પાર નહીં ઉતરશો.
તરહેની સુખી નશરવાં યાર,
સખી કહે નીત નવી લલકાર.

સખી.

આતમાંને નહીં નકામો ખાલ તુ દીલબર સદા,
આ જમાંનો છે ફનાં કરવા બુરાઇ ડર સદા;
આયોછે આ જગમાંતો કાંઇ સુભ કાંમો કર સદા,
આશરો મુજને દીયો અદલ કહે નટનાગર સદા.

ધોશો.

સીખામણ માની લેજો પ્યારા, શખુન ભુંડા ન કહેજો પ્યારા;
સમજી ઉતર દેજો પ્યારા, સખી સમજી રે જો પ્યારા.


સખી.

ગુરૂ વીનાનાં ધરીઆ વાંદર, ઉભઇ જાએ જગ જગે ધરોધર;
ખબર નથી બે, કલને બરાબર, મદારીને તેઓ માહાત થશોજી.

કીલ બીલ કીલ બીલ હુંપ કરેછે, ભુસકા મારી અરજુપ કરેછે;
ચાલા ચૈન ગુપ ચુપ કરે છે, ખબર ન કે હયાં ઘાત હશેજી.
આરસી લઇ માંહે મુંખડો જુંવેછે, કાલી શીકલ જોઇ જોઇને રૂવેછે
કહેછે આપણી શીકલ શું એ છે, આરસી ગાંડની સાત ઘશેજી.
કીચ કીચ કીચ કીચ દાંત કરે છે, કોઇનાં વારીયા નહીં વરે છે;
ફોકટમાં વીન મોહોતે મરે છે, દમ જમદુતને હાત જશેજી.

ઘોશો.

ગુરૂ વીન ગાવા બેઠા ચરીઆ,
જુઓ જેવા વાંદર ઘરીઆ;
ગલીગલી વાંદર સમ ફરીઆ,
લોક લાજોથીબો નહીં ડરીઆ.
ફરશેરામ કહે નવી કાહાની છે;
"અદલ" કહે સમજે તે જ્ઞાની છે.



લગણી

મારી વીરેહનાં બાન ગઇ કયા જાંન મારી સુંદર ગોરી;
પ્રીતને તોડી—જલાવી મારા તંન અંનદર હોરી—ટેક.

૧

એશ તજાવી ઘરને ભુલાવી કીધું મારૂં તન મંન બરબાદ;
રાતને દાહડો—કરૂં છું પીયારી તારી જઇ વંન વંન યાદ.
હું તો છું ભુખીઓ તારા પેઆરનો લીએ ન મારી કોઇ પન દાદ
હાએ રે કીસમત ન સમજે મારી કોઇબી જંન ફરીયાદ.
કરી દીવાનો મને ગઇ કાંહાં મારૂં મન મનદર કોરી;
પ્રીતને તોડી જલાવી મારા તંન અનદર હોરી.

૨

ભુલીયો ગાંમ ને ઘેર શેહેર સઉ તજી દીધું પીયારી મારી;
હું થયો દીવાનો થઇ મારા જીવની ભારી ખ્વારી.

તન મન મારૂં લુટી કાલજે મારી કારી કટીઆરી;
ફસીઓ પ્રીતમાં—કીધી મેં પીયારી તારી દીલદારી.
ગુલાલ ગમનો ઉડાઉં જાંની કાંહાં ગઇ ઘર દર છોરી;
પ્રીતને તોડી—જલાવી મારાં તંન અનદર હોરી.

૩

રાત ને દાહાડો ગમથી થઇ લાચાર ગમનો પોકાર કરૂં;
તારી યાદમાં—ભુલી તન મન ધન જર થઇ ખ્વાર ફરૂં.
દીલમાં વીચાર એમ આવેછે મારા થઇ હું જીવથી ઠાર મરૂં
માશુક વીન હું—હવે કેમ ભવસાગરની પાર તરૂં.
રાખી આસ નીરાસ થયો હું ગફલતની ચાદર ઓરી;
પ્રીતને તોડી—જલાવી મારાં તંન અનદર હોરી.

૪

પ્રેમનો પેઆલો પાઇ હવે નહીં આપ ઝેહેરની જામ મને;
હાએ દીવાની—નથી લાજંમ એ કરવું કામ તને.
માશુક વીન કેમ કરી જહાંમે આશક નહીં બેફામ બને;
નસરવાંન કહે—આવીને બેસ જાંન ફરાશામ કને.
"અદલ" કહે કલગીનાં ખ્યાલનો કરે છે કઇ મુનકર ચોરી;
પ્રીતને તોડી—જલાવી મારાં તંન અનદર હોરી.



લંગડો.

તારે કારણ મન મોહન હું ભટકુ ઘર ઘર તમામ રાત
તારી પ્રીતમાં—પડે ના ચેન એક પલ ભર તમામ રાત—ટેક.

૧

તાર ચાહતો માર પણ તું ગમખ્વાર નહી કર તમામ રાત
તારી જુદાઇમાં—જલે છે જીગર ઓ દીલબર તમામ રાત
તાર તારે નામનો લવારૂં છું હું અકસર તમામ રાત
તારા પ્રેમનો—હું ભુંકીઓ ફરૂં છું દર દર તમામ રાત

તારાજ હું થઇ ગીઓ ભટકયો વંનવંન અંદર તમામ રાત
તારી પ્રીતમાં-પડે ના ચેન એક પલ ભર તમામ રાત

૨

તારૂં નામ એક જપું ઊંઘ નહીં મને તું વગર તમામ રાત
તારા ઇશ્કની-અગનમાં જલું છું સુંદર તમામ રાત
તારો પેચ્યાર નાં ભુલું ભમું વંન વંન તું ખાતર તમામ રાત
તારી યાદમાં-ઉઠાવું આફત સર પર તમામ રાત
તારા દીદની ભીક ને ખાતર ભટકુ સીતમગર તમામ રાત
તારી પ્રીતમાં-પડે ના ચેન એક પલભર તમામ રાત

૩

તારી પ્રીતમાં જોગી બની હું ફર્યો બે ખબર તમામ રાત
તારે કારણ-હું યાદ નીત કરૂં હરી હર તમામ રાત
તારે દુઃખ દરીઆમાં મને ફેરીઓ ભવસાગર તમામ રાત
તારાં નામની-શોધમાં ભમું બે ફીકર તમામ રાત
તારી નીશાંની મલે ન જેકે ભમાયો હું આખર તમામ રાત
તારી પ્રીતમાં પડે ના ચેન એક પલભર તમામ રાત

૪

તારૂં નામ એક સુખસી પુકારૂં પ્યારી મનોહર તમામ રાત
તારા દીદને-ખાતર હું ઘુંમું સરાસર તમામ રાત
તારા આશક નસરવાન નીત ફરે મુંતેઝર તમામ રાત
તારણ હાર તું-તું પાર લું ડાલુ ધન ઝર તમામ રાત
તારી યાદ નીત કરે "આદલ" થઇ શતરૂ પર સર તમામ રાત
તારી પ્રીતમાં-પડે ના ચેન એક પલભર તમામ રાત



છોટી.

તુ સુરૂ વગરનો નુગરો કેવાએ છે
હર જગે ઇજંન વીન તું ગાવા જાએ છે—ટેક.

૧

કાના માતરનું મલે ન કંઇ ઠેકાનું
શાહરમાં ખપવા જાએ જ્યાંબી હોએ ગાનું
પર નીંદામાં નહીં કઇ તારૂ વલવાનું
કેમ હાથે કરીને કરેછે લોક હસવાનું
વીન માન પરેલાં પાન તું લઇ ખાએછે
હર જગે ઇજંન વીન ગાવા જાએછે

૨

મને લાજ લાગેછે વધુ તને કેવાને
કોડીને કામનાં ખ્યાલ બેહો ગાવાને
છાપેલા ખ્યાલપર લાગો ઇતરાવાને
પછી નીચી મુંડીએ લાગો શરમાવાને
એ રીતે આબરૂ તારી ધુલ થાએછે
હર જગે ઇજન વીન તું ગાવા જાએછે

૩

નહી આવે ગાવા કોઇબી તુને બુલાવે
તુ વગર બુલાવે હરેક જગાપર આવે
હલકાને માનનુ પાન કદી નહીં ભાવે
વીન માન મુરખ નાહાન પાન ત્યાં ચાવે
તુ જુગારીઓની સંગમાં ભેલાએ છે
હર જગે ઇજન વીન તું ગાવા જાએછે

૪

કહુ નસરવાન તુને એટલી નસીઅત બસ છે
આ અદલના ગાવામાં એટલો રસ કસ છે
કહે શંકર લીલા શતરૂ અદલથી વસ છે
તું જેવા ચેલા જેનાં એકથી દસ દસ છે
કહુ ઓમી છંદ આએ અદલ ગુરૂ ગાએ છે
હર જગે ઇજન વીન તુ ગાવા જાએ છે

લંગડી

આઇકા પાટીલ ગોશટી માઝી માઇ ડીયર એક સમજો વાત
લઉકર લઉકર–બ્રીંગ વન બોટલ બ્રંનદી હાથો હાત—ટેક.

૧

એવરાચી એક પાંઇટ બ્રીંગ હ્યર શેરી વાંઇન સાંભલ પેઆરા
મટંન ઘેઉન યા–કૉલ ધી ભનડારી કબાબ લઇને સારા
ફેની રાસીચી કરૂંન તયારી બ્રીંગ ફ્રાઇ ફીશ પેઆરા મારા
હોઇલ તવાંતો–અગદી વેરી ગુડ લેવટા કારા
રમચા પાંઇટ ગેઉન યા વીલ ગો ટુ મજામાં આજની રાત
લઉકર લઉકર–બ્રીંગ વન બોટલ બ્રેનદી હાથો હાત

૨

પોર્ટ વાઇનલા ઇસરૂ નકો ઑન ધી ટેબલ પર મુકજો લાવી
બીર બાશાચા–આનુન શેમપેન દીલબર મુકજો લાવી
પોરટર ટેનતચા હાફ દઝન બોટલ સુંદર મુકજો લાવી
જીનચા ચોરસ–બીગ બોટલ માઇ ડીયર મુકજો લાવી
ઓલ ટામલા નકો ઇસરૂ બ્રીંગ વાઇટ કલરનો ગોજો વાડાલા ભાત
લઉકર લઉકર-બ્રીંગ વન બોટલ બ્રંનદી હાથો હાત

૩

જાત જાતીચા વીશકી બ્રીંગ માઇ ડીયર વાત સમજો દીલદાર
અગદી ચાંગલા–તોઇઆ રેડ એન્ડ વાઇટ રંગનો તરેવાર
દારૂ પેઉંન હોઇલ અગદી હેપી ધેન આઇવીલ ગીવ યુ સારો પગાર
આઇકુન ગ્યાવો ગોશ્ટ–માઇ ડીયર યુ કહુંછું તમને યાર
અકની ભંડારીચી અગદી વેરી ગુડ લાગસે ચતની સાત
લઉકર લઉકર–બ્રીંગ વન બોટલ બ્રંનદી હાથો હાત.

૪

શુરૂ નસરવાં મનતો અસા તુમી ડોન્ચ યુ ફરગોટ મારા દીલપર:
ફર્શરાંમચી–એ ગોશટી આઇકા સ્વીટ સ્વીટ ને સુંદર.

શંકર લીલા મનતો અસા ધીસ વેરી સુડ છે છંદ ચતર;
માને વાંની ગાઇનાં–અતાં યુ ઢેમ ફુલ કહુ અરદેસર.
લાવનો બનવલી તીન ભાષાચી અદલ સેજ સમજો રલીઆત;
લઉકર લઉકર–ખ્રીંગ વન બોટલ બેંનદી હાથે હાત.



લંગડી

બીજો એવો નર પેદા થશે નહીં ભાગ્યસાલી કોઇ હીંદ દરમ્યાન;
હીંદના ખેરખાહ પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાંન–ટેક.

૧

અંગ્રેજી મહીનો સપટેમ્બર તારીખ હતી ચોથી સુભ દન;
વાર રવેઉ–અને હતું અઢારમો પચીસનું સંન.
સુભ ઘડીએ પેદા થયા દાદાભાઇ ચાતુર ગુની જંન;
નવસારીમાં–જનમ્યાં આઠ વાગે રાતનાં સજંન.

શેર.

પીતા નવરોજીને થઇ પુતર જનમ્યાની ખબર;
થઇ મધંન દીલમાં કીધા પછી પાક પરવરનાં શુકર.
કોઇ જોશીને બોલાવીને પછી પુછીઆ સગન;
કે જુઓ આગલ જતાં કેવો નીવડશે આએ નર.
જોઇ ગરેહની ચાલ જોશીએ કહયું થશે એ માહા વીદવાંન;
હીંદના ખેરખાહ–પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન.

૨

ચાર વરસના કરીને પીતા નવરોજી તો ગયા ગુજરી;
હુકમ ખુદાનો–થયો આ ફાની દુન્યા ત્યાગ કરી.
માણેકબાઇ માતા થઇ દુખી રડે આંખથી આંસુ ભરી;
સબર ખુદાપર–કરી બેઠાં પુતર પર આસ ધરી.

શેર.

પીતા વીનાનાં થઇ ગયા દાદાભાઇ ઉમર બાલમાં;
પાલીને મોટા કીધા માએ ગરીબી હાલમાં.

મુકયા પછી એક શાલમાં સીખવાને કાજે કહું સજન;
સીખી ભણીને થઈ ગીઆ ચાલાક થોડા સાલમાં.
થશે નહી એ જેવો બીજો નર જગમાં કોઇ ચાતર ગુનવાન;
હીંદનાં ખેરખાહ—પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન.

૩

રંજ ઉઠાવી સખ્ત ને ઓગણીસ વરસ સુધી અભ્યાસ કીધો;
પાછલ તેની—એલફીનસ્ટન ઇનસ્ટીટયુંશનમાં ભાગ લીધો.
ત્યાં બહું ગ્યાન પરકાશ કીધો જેથી શીક્ષકનો ઓધો દીધો;
ધન ધન દાદાભાઇ—વધારી કીરતી જશ પ્યાલો પીધો.

શેર.

કાલેજમાં અંક વીદયાનાં મેથેમેટીકસના પ્રોફેસર;
તમ થયા છો અઢારસો ઉપર એકાવનમાં ચતર.
પેહુલા પ્રોફેસર થયા ઝાહેર તમો આ હીંદમાં,
જગ જગે કીરતી વખાણે હીંદનાં સઉ નાર નર
હશે ન કોઇબી એવો સકરમી પુત માએનો તમો સમાન;
હીંદના ખેરખાહ—પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન.

૪

સન અઢારસો પનચાવનમાં પ્રથમ કીધી લંનડનની સફર;
થઇને ભાગીઆ—કામાં કંપનીની એક પેઢી અંદર.
કરી કામ કીરતીનાં ત્યાં પણ નામ પોતાનું કીધું નસર;
હશે ન એવો—બીજો કોઇ આ દુન્યાનાં તખતાપર.

શેર.

ચઉદ વરસ લનડનમાં રહી કીરતી વધારી જહાનમાં
પાછા અઢારસો અગનોતેરમાં આયા હીંદુસ્થાનમાં.
નહીં થશે કોઇ નહીં થશે કોઇ નહી થશે કોઇ નહીં થશે;
ટુંક આ ઉમરમાં કીધો ઓહોલો વધારો માનમાં.
અઢારસો ત્યાસીમાં થયા જસટીસ ઓફ ધી પીસ સમજો દીલજાંન;
હીંદનાં ખેરખાહ—પ્રોફેસર દાદાભાઇ નસરોજી જવાન.

૫

અઢારસો પનચ્ચાસીમાં થયા કાંઉનસીલનાં મેંમબર દીલદાર;
આનરેબલની–પદવીથી લાગા બોલખાવાને યાર.
અઢારસો છેઆસીમાં ગયા પાછા લનડનમાં ફરી એકવાર;
પારલામેંટનાં–થવા મેંમબર ધારી મન ઉમંગ અપાર.

શેર.

એક હજાર સાતસો ને એક ઉલટાં મતે તમો રહી ગયા;
પણ ધરી દીલમાં ધીરજ કોશીશમાં જારી રહયા.
ધન છે ધીરજમાં એવું સમજી ને મન બેઠા પછી;
અઢારસો ને બાહાણુંમાં તમો એમ પી આખર થયા.
ધન ધન તમારી માત પીતાને ધંન ભાયગ ધરમી ધનવાંન;
હીંદનાં ખેરખાહ–પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન.

૬

પરથમ માન મલીયું લનડનમાં હવે કહું છું તેનો સાર;
ધંન ધંન દાદાભાઇ–એમ પી પ્રસીધ થયા હર ઠારે ઠાર.
એદનમાં પણ માન પાંન મલ્યુ સઉ થયા રાજી નર નાર;
ઉમેદવાર લોક–હતાં મુંબઇનાં પણ જોવાને દીદાર.

શેર.

આખર કરી એદનથી કુચ તમો આયા મુબઇ શેહેરમાં;
નર નાર સઉ રાજી થયા હર શેહેરમાં હર ઘેરમાં.
એપોલો બંદર પર હતી રચના અતી સઉ જાતની;
ફુલોથી લીધા વધાવી આવીને સઉ લેહેરમાં.
એવું માન નહી મલસે કોઇને મલ્યું જેવું આ તમને માન;
હીંદના ખેરખાહ–પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન.

૭

કાલબાદેવી રોડ ગોયા એક પરસતાનનો બાગ હતો;
જ્યાં લાખો માણસની–રચનાનો બીલકુલ નહીં થાગ હતો.
ફોટો લેવા માટે શાપુરજી પરવેશાજીનો બહુ લાગ હતો;
આ મેહેનતમાં–કાવજી દારૂવાલાનો ભાગ હતો.

શેર.

જગ જગે વાજાંને સરનઇ ઢોલનો કીલકાર હતો;
ફુલોનો મહેકાર હતો નહીં તોરણોનો પાર હતો.
એવી રચના થઇ હતી નહીં ને થશે નહીં કોઇ સમે;
ઠાઠ મરદોનો હતો નરનારનો પુર બાહાર હતો.
સુનના રૂપાના ફુલે વધાવી લીધા દીધી આશીશ નીધાન;
હીંદનાં ખેરખાહ–પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન.

૮

કાવસજી માણેકજી એ સમજો પરથમ હાર પેહેરાવીને
દીલો જાંનથી–દીધો બહુ આશીશ મુખ મલકાવીને
છ વરસની પુતરી જેની બાનુંબાઇએ પણ આવીને
હાર પેરાવ્યો–સુનનાં રૂપપાંનાં ફુલે વધાવીને

શેર.

ચાલાકી કેવી કીધી ઉંમર જુવો નાદાંનમાં
બાલકીને જોઇ સઉ બેઠાં પોતીકા ધ્યાનમાં
નર નાર હાથોમાં ધરી રૂમાલને કરતાં અવાજ
હુરરે હુરરે નાં પુકારો ભરતાં એક ઝબાનમાં
ધંન ધંન માત પીતાને કહે સઉ જોઇ તેનીઉંમર નાદાંન
હીંદનાં ખેરખાહ–પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાન

૯

હવે રાખજો સદા મધનમાં એમને પ્રભુજી દીન દયાલ;
નસરવાન કહે–ન કરતા નાહાતાં એનો વાંકો બાલ.
દેસીઓના દેસ હીતકારી સદા તમો છો હીંદની ઢાલ;
ફરશેરામ કહે–હાલ મેં લખીઓ ટુંક બનાવી ખ્યાલ.

શેર.

હીંદના પીતા તમે છો હીંદની માતા તમે;
હીંદની ભગની તમે છો હીંદના ભ્રાતા તમે.
હાથ જોડીને કરેછે અરજ એમ ઓંમી દોરાખ;
રાખજો એમને સલામત રે ઓ રસરાતા તમે.
"અદલ" કહે રહો અદલ નામ કાયમ તમારૂં બને જહાનઃ
હીંદનાં ખેરખાહ પ્રોફેસર દાદાભાઇ નવરોજી જવાંન.

લંગડો.

કુરંમનાં કાલા નસીબનાં દીન દોર જેના ચાલેછે અપાર;
ખરે ખુદાને-સમજે નહીં મુકે કદમ નરકને દવાર-ટેક.

૧

ગરદન ગરીબની વારે દગો વાત વાતમાં કરે નહીં ડરે લગાર;
ઘર ઘર ભટકે-ન મનમાં રટે નામ હરનું બદકાર.
ચરચા ચારી જીભ્યાથી કરે નવ સારી માઠી સમજે નાપેકાર;
છોરા છછુંદર-કરે જંગ બાર માંસ ભુલી હરની વહાર.
જર જીંદગીને ખાતર દીલ લીએ લુંટી કરે સઉને નાંચાર;
ખરે ખુદાને-સમજે નહીં મુકે કદમ નરકને દવાર.

૨

ઝરે છુરી ગીરફતાર થઇ અધંમ સતા રાખે નહીં કંઇ રજભાર;
ટલે ન ટાલે-વારે બકરાં ચીકાર જોઇ ફરબેદાર.
ઠરે ઠાર લાયકમા અસક કુરની અનીતનો તે રાહાદાર;
ડરે ન ડાઘેલ-બળાવે આગ રાત દીન તે મકકાર.
ઢરતો ઢલાવો રહે નાપીકનો કુકરમી તેનો રોજગાર;
ખરે ખુદાને-સમજે નહીં મુકે કદમ નરકને દવાર.

૩

તરતુ વાહાણુ ધરવા માટે સુર તરત દેખાડે કરે ન વાર;
થર થર કાંપે-ન બદલા પુરતા દીએ કોઇને સાંજ સવાર.
દર દરકાર રહે તેને ન કોઇની ઉર નુ સ્વચમાં તે રમનાર;
ધર પચ ધાંધલ-અધરમી નીચ કેવાએ દન પર દન વાર.
નરકની કુંદથી ડરે નહી તેની કદી વધે નઇ તેજ કટાર;
ખરે ખુદાને-ન સમજે મુકે કદમ નરકને દવાર.

૪

પરખ પરગજુની લઇ આપુ ન મ શાઅલીનુ લલકાર;
ફરજ ફેરવી-બનાવસ દીતરને-આજે ગીરફતાર.
બર તરફ બદકાર થયા કહે છગન દેવીદાસ વારંમવાર;
ભરમ ભુલીને-બેઠા એક બીજા પુર ધંનથી લાચાર.
મરમ તારો બે અકુલી યાં નીત ખોલે અદલ હરદમ હરબાર;
ખરે ખુદાને-ન સમજે મુકે કદમ નરકને દવાર.

એમ. એચ. મેહેરઅલીના પ્રગટ કીધેલા પુસ્તકોનું લીસ્ટ.

બુલબુલી ગાયન–નામીચા શાહેરોના ચુન્દા ગઝલો તથા તરેહવાર રાગ અને રાગણીઓની ધ્રુરપદ, ઠુમરી, ખ્યાલ, દાદરા, કાહરવા, તીલાના અને ટપ્પાઓનો મોટું પુસતક કીમત રૂ૦॥

ગઝલ સંગ્રહ ભાગ ૧ લો અને ૨ જો–હીંદુસ્થાની પ્રખ્યાત શાહેરોના તરેહવાર રાગના ઇશ્કીયા ગઝલોનો સંગ્રહ શુધ્ધરીતે છાપેલા દરેકના ૦–

ઠુમરી સંગ્રહ–પ્રખ્યાત ગાનારીઓના ચુન્દા રાગ રાગનીઓની ઇશ્કીઆ ઠુમરી, ખ્યાલ, ટપ્પા આના ૫.

શેરઅતે ગઝલ ભાગ ૧ લો અને ૨ જો–જુદા જુદા રાગના પરચુટણ ગાયનો તથા ગઝલોનો સંગ્રહ દરેકની કીમ્મત આના ૫.

ગુલશને રાગ ભાગ ૧ લો અને ૨ જો–તરેહવાર હીંદુસથાની શાહેરોના ગાયનો તથા ગઝલો સંગ્રહ દરેકની કીંમત આના ૫.

ગાયન સંગ્રહ–હીંદુસ્તાનના નામીચા શાહેરોના ગઝલો તેમાં ઝપરનો મોટો ભાગ છે તથા જલસાઓમાં ગાવા લાયકના તથા રાગ અને તાલ શીખનારને કામના ખ્યાલ ઠુમરી ધ્રુરપદ વગેરે ઘણાં ગાયનો છે જેપર રાગ અને તાલના ખરા નામ બતાવેલા છે કીમત ૬ આના.

રાગમાલા–ખરા સુર અને તાલથી ગાનારાઓને માટે ખ્યાલ, ઠુમરી વગેરે તરેહવાર ગાયનો રાગ અને તાલના ખરા નામ સાથે છે કી. આના ૫.

સુબોધ કલગી ગાયન સંગ્રહ ભાગ ૧ લે ૨ જો ૩ જો ૪ થો–મી૦ અરદેશર નસરવાનજી કલગી વાલાના બનાવેલા નિતી દરશક તથા સંસાર સંબંધી બોધકારક તરેહવાર રાગના કલગી ખ્યાલોના સંગ્રહ દરેકની કીંમત આના ૬. ચાર ભાગ સાથે સુશોભીત કપડાનાં પુઠામા બાંધેલા રૂ.૦॥।

લોકપ્રીય ગાયન સંગ્રહ–ભાગ ૧ લો ૨ જો–સુરતવાલા અબદુલ હુસેન બાકરભાઈ શાએરના જોડેલા નિતી આપનારા, સંસારી બોધ આપનારા તથા ઇશકીયા કલગીના ગાયનો લાવણીઓ, મેવાળો ઢોલાના, પરભ્યા વગેરે ગાયનોનો સંગ્રહ કી. આના ૪ ને ૮.

ગઝલે હકકાની–હીંદુસ્તાની શાહેરોનાં ઇશ્કે હકીકીના તરેહવાર રાગ રાગીનીઓના મારફતી ગઝલોસાથે અસરકારક મારફતી શેરો છે. કીં. આ. ૬

હોરીસાગર–તરેહવાર દીલને ખુશ કરનારા હોરી ગાયનનો સંગ્રહ કિ. આ. ૫

ગુલઝારે રાગ–તરેહવાર ઈશ્કીયા ગઝલો, ઠુમરી, ખ્યાલ ટપ્પા અને પરચુટણ ગાયનો કિ. આના ૫.

બાગે બુલબુલ–તરેહવાર ઇશ્કીયા ગઝલો અને પરચુટણ ગાયનો કીમત આ. ૩

કુસમ સંગ્રહ—બોધકારક રમુજી વીસ વારતાઓનો વાંચવાલાયક મ્હોટો સં-ગ્રહ કિંમ્મત આના ૮

શીકંદર—બાદશાહ શીકંદરનો નસીહત કારક વાંચવા જેવો ગુજરાતી નાટક આખો કીમત આના ૪.

વખતસીંહ—વીજયસીંહ—ઉદેપુરના મહારાણાનો નિતી દરશક ગુજરાતી આખો નાટક કિંમત આના ૨

ગજરા મારૂજીની વારતા—જાડા કાગલપર સફાઇથી છાપેલી અને કીમતી ચીત્ર આપેલો છે જેમાં ગજરામારૂજી રાણી ચંપાદે સાથે બાજી રમતા આબેહુબ દેખાડેલા છે કિમત આનો ૧

ચુનાની ટેબલ હકીમુ—હરેક જાતનું મેવો, અનાજ, ભાજીપાલો, કીયાણુ એવી ખોરાકની લગભગ ૨૦૦) વતુઓના ગુણ દોષ, સરદ કે ગરમ તેમાં શું શું નુકશાન ને શું શું ફાયદો એ સરવે લખેલું છે. તનદરૂસ્તી સાંચવવાને માટે એ સઉથી સરસ હથીયાર છે. કીમત આના ૮ ઘણા અભીપ્રાય મળેલા છે.

ઉપલા પુસ્તકો અરધી કીમતે આપવામાં આવેછે. કારણ કે એમાંથી મોટી કમાણી કરવાનું હેતુ રાખેલ નથી પણ સંખ્યાબંદ નકલો ખપાવીને પ્રસિધ્ધતા મેળવવાનું હેતુ રાખેલ છે. વેંચવા મંગાવનારને ઘણી સસ્તી આપવામાં આવેછે.

એમ. એચ. મેહેરઅલીના વાજીંત્રના શુધ્ધ પુસ્તકો.

ફીડલ ચાવી બુક ભાગ ૧ થી ૩ દરેકનાં ૫ આના.

ભાગ ૧ થી ૩ સાથે કપડાના સુશોભિત પુઠાંમાં બાંધેલા રૂ ||=

કનસરટીના ચાવી બુક ભાગ ૧ થી ૬ દરેકના પાંચ આના.

ભાગ ૧ થી ૬ સાથે કપડાના સુશોભિત પુઠાંમાં બાંધેલા રૂ ૧||

કનસરટીના ચાવી (બે હાથની ચાવીની) દરેકના ચાર આના.

ઉસ્તાદે કનસરટીના (ઉરદુ) પાંચ આના.

એકારડીયન ચાવી ભાગ ૧ થી ૬ દરેકના પાંચ આના.

ભાગ ૧ થી ૬ સાથે કપડાના સુશોભિત પુઠાંમાં બાંધેમા રૂ ૧||

હારમોનિયમ ચાવી—બુક ભાગ ૧ થી. ૪ દરેકના ૧૦આના

☞હમારા વાજીંત્રના પુસ્તકોની ૨૦૦૦૦ વીસ હજાર નકલો ખપી ગઇ છે અને તેની ત્રણ ત્રણ આવૃત્તિઓ ફરી ફરી છપાવવી પડી છે. (જેણે ખાત્રી કરવી હોય તેણે હમોને મળવું તો ખાત્રી કરી આપીશું) એજ હમારા વાજીંત્રના પુસ્તકોની સઉથી સરસાઇ બતાવવાને બસ છે.

બંગાલી ખુશબોદાર તેલ.



ટરેડ માર્ક.

હમારી પાસે ચોખ્ખો બંગાલી તરેહવાર ખુશબોદાર તેલ આવે છે જે બીજા ભેલસેલ થઈ વેચાતા તેલ કરતાં નીરાલા હોવાથી તેના ચોખા પમરાટથી મગજને તાજગી બખશવામા સઉથી ઉતમ છે.

એકવાર વાપરવાથી ખાત્રી થશે.

મોગરાના ફુલનો તેલ કીંમત શીશીનો	રૂ૦	૧।
ચંબેલીના ફુલનો તેલ કીમત શીશીનો	રૂ૦	૧।
હેનાનો અથવા મેંદીનો તેલ કીંમત શીશીનો	રૂ૦	૧।
ગુલાબના અત્તરનો મેણનો કીંમત ડબીનો	રૂ૦	૦।

એ માલ નીચે લખેલા ઠેકાણાપર હમારે ત્યાંથી મળશે. તેની શીશીપર હમારા ટરેડ મારકની ટીકીટ મારેલી હોય છે અને તે એકજ ભાવે આપવામાં આવે છે.

મહમદહુસેન મેહેરઅલી.

ડુંગરી બજાર પાસે-મુંબઈ.

મીઠ દાદાભાઈ અને મનીરામના બનાવેલા નુરાના ગુજરાતી તથા હીંદુસ્તાની દીલપસંદ ખ્યાલની ચોપડી તૈયાર છે કી. રૂ ૧)

ડા૦ વસનજી પરમાણંદ ચાહેવાલા.

ઠે૦ કાલબાદેવીનો રસ્તો-મુંબઈ.